અંકલેશ્વર GIDCમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

દરેક ઘરોમાં શાસ્ત્રોની સાથે શસ્ત્રો પણ હોવા જરૂરી છે

જેટલા જલદી જાતિના વાડા ભૂંસાશે તેટલી ઝડપથી એકતા આવશે

। અંકલેશ્વર ।

અંકલેશ્વર જીઆઈડીસીના નવજીવન ગ્રાઉન્ડ ખાતે તા.૧ માર્ચે હિન્દૂ સંમેલન આયોજક સમિતી દ્વારા પશુપતિનાથ વસ્તી અને માનવ મંદિર વસ્તીનું વિરાટ હિન્દૂ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

વિરાટ હિન્દું સંમેલનમા હાજર સંતો મહંતો નજરે પડે છે

આ સંમેલનમાં હિન્દુઓની જાગૃતિ વિષે તેમજ બદલાતા જતા સમયમાં આવનાર પ્રશ્નોના સમયસર ઉકેલ માટે શું કરવું જોઈએ તે માટે જાગૃત કરવા પાર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ખાસ તો રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના ૧૦૦ માં વર્ષે પાંચ પરિવર્તનને પણ આવરી લેવાયા

વક્તાઓએ કહ્યું હતું કે આપણા ડ્રેસ બદલાઈ ગયા. આપણા પૂર્વજોનો પહેરવેશ આપણે ત્યજી દીધો. આપણી જમવાની પદ્ધતિ બદલાઈ ગઈ છે. આપણે આપણી સંસ્કૃતિ પ્રત્યે પાછા વાળવાની જરૂર છે.દરેકે પોતાના ઘરમાં શસ્ત્ર અને શાસ્ત્ર બંને હોવા જોઈએ. શસ્ત્ર વાપરતા પણ શીખવું જોઈએ. બાળકોમાં મોટેરાઓએ સંસ્કારનું સિંચન કરવાનું છે. જાતિના વાડા નાબૂદ કરવા પડશે, જેટલા જલદી વાડા ભૂંસાશે, તેટલી ઝડપથી એકતા આવશે.

આ સંમેલનમાં રામકુંડ આશ્રમના મહામંડલેશ્વર મહંત શ્રી ગંગાદાસ બાપુ, અખિલ ભારતીય સંત સમિતિ- હિન્દુ મહાસભાના અધ્યક્ષ ઝાડેશ્વર જ્ઞાનકી આશ્રમના મહંત શ્રી રાઘવેન્દ્ર દાસજી, ગુમાનદેવ પિઠાધિશ શ્રી મહંત શ્રી મનમોહનદાસજી, ગુરૂદ્વારા અંકલેશ્વરના જ્ઞાની નિર્મલસિંહજી, ખરચ દત્તાત્રેય આશ્રમના આચાર્ય ભાવિનભાઈ પંડ્યા અને આચાર્ય મનનભાઈ પંડ્યા. ઓમ તપોવન આશ્રમના નારાણય સ્વામી ગુરૂદેવ, જીઆઈડીસી બલ્યાકુમારીઝ કેન્દ્રના અનિલદાદીદી, અંકલેશ્વર ગુરૂકુળના શાસ્ત્રી જય સ્વરૂપદાસજી સ્વામી અને ઈ સ્કોન મંદિરના દયાગૌરાંગદાસજી, જૈન મુનિ સંભવચંદ્ર સાગરજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. વક્તા તરીકે કુટંમ્બ પ્રબોધન સંયોજક કૌશિકભાઈ લીંબાચીયા, લોક સાહિત્યકાર અને લેખક કૃણાલ જી. શાહ, સંમેલનના સંયોજક ખીવારામ સી જોષી સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલન પૂર્વેલઘુ રૂદ્ર યજ્ઞનું આયોજન થયું

નર્મદા જિલ્લાના તિલકવાડા ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાયું


સંમેલનમાં હાજર જશુભાઇ રાઠવા અને નીલ રાવ નજરે પડે છે

રાજપીપળા : તિલકવાડા ખાતે પૂજ્ય સદગુરુ મસ્તાના કુબેર મહારાજના સાનિધ્યમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે જનમેદની ઉમટી પડી હતી.

આ અવસરે છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા, નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નીલ રાવ, ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી તેમજ ભાજપના કાર્યકરો અને સાધુ-સંતો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વમાં સુખ શાંતિ ના સંકલ્પ સાથે અને સંસ્કૃતિ અને પ્રકૃતિના રક્ષણની ભાવના સાથે ૩ દિવસના લઘુ રૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ યજ્ઞમાં પ્રથમ દિવસથી જ શ્રદ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને યજ્ઞના દર્શન કરી ધન્યતા અનુભવી આધ્યાત્મિક ઊર્જા અને સામાજિક એકતાના દર્શન કરાવતું આ સંમેલન ખરા અર્થમાં પ્રેરણાદાયી રહ્યું સાધુ સંતોદ્વારા જ્ઞાન યુક્ત માર્ગદર્શન આપ્યું હતું.

અંકલેશ્વરમાં માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦ વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ

૩૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રી મધુભાઈ જોશી
(લેખક, પત્રકાર, ચિંતક, વિવેચક - અંકલેશ્વર)
સ્વ.તા. ૧૭-૩-૧૯૯૫ ધુળેટી પર્વ

"જે સમાજમાં હું જન્મ્યો તેની સેવા કરવાનો ધર્મ મને ચાલતા આવેલા પ્રવાહમાંથી આપોઆપ આવી મળે છે. બલકે તે આપણા જન્મની આગળથી આપણે માટે તૈયાર હોય છે એમ કહેવું એ ખોટું નથી. એનું કારણ એ કે તે આપણા જન્મની હેતુ છે અને તે પાર પાડવાને આપણે જન્મ્યા છીએ." - શ્રીમદ્ ભગવદ્ ગીતા

પરિવારનાં શ્રદ્ધાસુમન
મનોરમા જોશી
સતીષ, ભાવિકા, હર્ષ, ખ્યાતિ, ઓમ્, ઝિશા, હરીશ, તૃપ્તિ, માનસી, રીદ્ધેષ, ક્રિષ્ના, હરિ, પ્રિયંકા, વિરલ, હરિશ્રી, કૃપેન, વૃષ્ટિ, દીશીવ, સુધીર, સિધ્ધાર્થ, પ્રિતી, નીવા, હંસ શાસ્ત્રી તથા ક્રેશ પબ્લીસીટી-ચેનલ નર્મદા પરિવાર

વિદ્યાર્થીઓને ટ્રકસૂટનું વિતરણ કરાયુ તે પ્રસંગની તસવીર

અંકલેશ્વર : અંકલેશ્વર ખાતે માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓએનજીસીના સહયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રેકસૂટ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં સરકારી શાળાના ૧૫૦૦ વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી તથા ઓએનજીસીના એસેટ મેનેજર જે.એન. સુકાનંદન ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કારોબારી સભ્ય મારૂતીસિંહ અટોદરિયા, માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ સંદીપ પટેલ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન દામા ેશ મિસ્ત્રી,અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ ભાવેશ કાયસ્થ, ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, ઉદ્યોગકાર એન.કે. નાવડિયા સહિત આગેવાનો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

તમારા દુઃખમાં સહભાગી સંદેશ
ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે
દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ
ફક્ત રૂા. ૭૦૦/-
૪૫ ચો.સે.મી. (૯ x ૫ કે ૫ x ૯) સાઇઝ
વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-
રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.
Note : GST as applicable
સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara
Phone : 0265-2464750

સંક્ષિપ્ત સમાચાર

સેલંબા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

દેડિયાપાડા : સાગબારા તાલુકાના સેલંબા એ.પી.સી.એમ.સી.ખાતે આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત), નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ, લીલોતરી પ્લસ પ્રોડ્યુસર કંપની લિમિટેડ, ખોચરપાડાના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વર્ષ ૨૦૨૬ ની થીમ: મહિલા ખેડૂતની ઓળખ મુજબ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહિલા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યુ હતું અને મહિલા ખેડૂત ઉત્પાદક જૂથોના ઉત્પાદનોનું પ્રદર્શન સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્રપતિના હસ્તે નારી શક્તિ એવોર્ડ મેળવનાર ઉષાબેન વસાવા એ ઉપસ્થિત રહીને મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું

નવાગામ કન્યા છાત્રાલય ખાતે હોળીની ઉજવણી



દેડિયાપાડા : દેડિયાપાડા તાલુકાના નવાગામ કન્યા છાત્રાલય ખાતે હોળી અને ધુળેટી નિમિત્તે શબરી કન્યા છાત્રાલય નવાગામની કન્યાઓને ખજૂર, કોપરા, હારડા આપીને ઉજવણી કરવામાં આવી હતી. કન્યાઓએ છાત્રાલયના મેદાનમાં હોળી ધુળેટીની ઉજવણી કરી હતી.આ પ્રસંગે નવાગામના ઘેરૈયા સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી ચંપકભાઈ વસાવા, સરપંચ અનસૂય બેન વસાવા દ્વારા ગામના દરેક ઘેરૈયાને હોળીનો ફાગ આપીને ઉજવણી કરી હતી.

ઉમલ્લા પંથકમાં હોલીકોત્સવની શ્રદ્ધાસભર ઉજવણી

અછાલીયા : ઝઘડીયા તાલુકાના ઉમલ્લા ના ગ્રામ્ય વિસ્તાર માં પારંપારિક ધાર્મિક પર્વ હોળી ની ઉજવણી કરવામાં આવી હતી, ઉમલ્લા, અછાલીયા, અસા, પાણેથા સહીતના ગામડાંઓમાં સંધ્યા સમયે હોળી ચકલા પર લાકડાં ના દંડ પર સફેદ રંગ ની ધજા ચઢાવી ગોબરના છાણા લાકડાથી સજાવટ કરાયા બાદ પૂજન અર્ચન કરાયું હતું હોળી પ્રાગટ્ય કરી મોટી સંખ્યામાં ભાવિકોએ પર્વ અનુરૂપ ચીજ વસ્તુ અર્પીત કરી ભાવસભર પ્રદક્ષિણા કરી હતી.

એકતાનગર ખાતે પરંપરાગત હોળી પ્રગટાવાઈ

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે એટલે કે કેવડિયા કોલોની ખાતે પરંપરાગત રીતે સોમવારે રાત્રે હોળી પ્રગટાવવામા આવી હતી. આ સમયે શ્રધ્ધાળુઓ અને ઘેરૈયાઓએ હોલિકાના દર્શન કર્યા હતા અને બાધા પુર્ણ કરી હતી. આદિવાસી વિસ્તારોમાં હોળી અને ધૂળેટીનું અનોખુ મહત્વ છે. મંગળવારે ગ્રહણ હોવાથી ધૂળેટી બુધવારે રમવામાં આવશે.

નામ બદલેલ છે
મારૂ જુનું નામ લીંબાડા નસીમબાનુ અબ્દુલરશીદ હતુ જે બદલીને નવું નામ નશીમા અબ્દુલરશીદ લીંબાડા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : તલાવડી ફળીયા, દિલ્લા સ્ટ્રેટ પાસે, મુ.પો.કીરણગડી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ.

નામ બદલેલ છે
મારૂ જુનું નામ ઈશ્વર કુમાર પોદ્દી હતુ જે બદલીને નવું નામ ઈશ્વર કુમાર પોદ્દી કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : આશ્રે ચેતીનોરા ટાવર, એ-૩૦૨ તવરા રોડ, બિયર મહાદેવી અંગલી,કાઠેશ્વર ચોકડી, ભરૂચ. તવરા, ભરૂચ-ગુજરાત-૩૬૨૦૧૧.

જાહેર નોટીસ એન.એસ.વસાવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જંબુસરની કોર્ટમાં મુ.જંબુસર
કમાંક: જન્મ/મરણ નોંધણી અરજી નં. ૪૬૫/૨૦૨૫
અરજદાર: ઘાંચી હનીફભેન અબ્દુલભાઈ, રહે.મીયાંગામ, કરજણ તા.કરજણ જી.વડોદરા
વિરુદ્ધ : સામાવાળા: જન્મ મરણ નોંધણી અધિકારી અને વીડ ઓફિસરશ્રી, જંબુસર તા.જંબુસર જી.ભરૂચ
આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના ભાઈ નામે કાસમભાઈ અલીજી હાજી ઇસપ ટેલર નો જન્મ તારીખ : ૩૧/૧૦/૧૯૬૯ ના રોજ મોજે.મુ.પો.જંબુસર તા.જંબુસર, તા.જંબુસર જી.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની રુબરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવી હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ રોજ તારીખ ૧૯ ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ. સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટની સીલ
હુકમથી, (એન. એસ. વસાવા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જંબુસર

જાહેર નોટીસ એન.એસ.વસાવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, જંબુસરની કોર્ટમાં મુ.જંબુસર
કમાંક: જન્મ/મરણ નોંધણી અરજી નં. ૪૬૫/૨૦૨૫
અરજદાર: પટેલ યુસુફભાઈ ઇબ્રાહીમ, રહે.બગ ખડકી, કાવી તા.જંબુસર જી.ભરૂચ
વિરુદ્ધ : સામાવાળા: જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કાવી તા.જંબુસર જી.ભરૂચ
આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારના બહેન નામે આલમાબાહેન અબ્દુલ્લાહ ઇબ્રાહીમ સખીદાસ નો જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૬૦ ના રોજ મોજે.મુ.પો.કાવી, તા.જંબુસર, તા.જંબુસર જી.ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની રુબરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવી હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી..
આજ રોજ તારીખ ૧૯ ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટની સીલ
હુકમથી, (એન. એસ. વસાવા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જંબુસર

જાહેર ચેતવણી
ભરૂચ ડિસ્ટ્રીક્ટ, સબ ડિસ્ટ્રીક્ટ આમોદ, મોજે રોલ, ખાતા નં.122 બ્લોક નં.100(જૂનો બ્લોક નં.186) તથા બ્લોક નં.32 (જુનો બ્લોક નં.206) વાળી જમીનમાં હક્ક હિસ્સા બાબતે હમારા અસીલો (1) ચંદ્રિકાબેન વિજયભાઈ પટેલ. (2) હર્ષિતભાઈ વિજયભાઈ પટેલ અને (3) જાગૃતિબેન વિજયભાઈ પટેલ તે અપ્રાભાઈની પટેલની પત્નીને તેમના કાકાશ્રી/સંબંધીઓના પરીવાર સુધાબેન ચુનીલાલ પટેલ વિગેરે સાથે પારિવારીક તકરારસર થતે છે. જેથી હમારા અસીલો ઉપરોક્ત મિલકતમાં પોતાનો કાયદેસરનો હક્ક હિત મેળવવા માટે મે આમોદના પ્રિન્સીપલ સીવીલ જજ એન્ડ જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટમાં મુ.તા.આમોદ, જી.ભરૂચમાં રે.દિ.મુ.નં. 16/2024થી હક્ક, સ્થાપન, કાયમી મનાઈ હુકમ મેળવવા તથા જાહેરાત ફાપળ મેળવવા બાબતે દાવો દાખલ કરેલ છે તથા મે. ભરૂચના કલેક્ટર સાહેબશ્રીની કોર્ટ સમક્ષ Appeal/BHCH/61/2026થી સદર મિલકત અંગે બાવળ કલેક્ટરશ્રી, જંબુસરની કોર્ટમાં ચાલી ગયેલ કમાંક/હકમ/અપીલ/કેસ નં.54/2017, તા. 31/01/2019ના હુકમ સામે અપીલ/રીવીઝન અરજી દાખલ કરેલ છે. સદરહું ખેતીની જમીન હમારા અસીલના પરદાદાશ્રી છોટાભાઈ ગણાભાભાઈને સંરક્ષિત ગણોતીયા તરીકે ગણોતહકકે સરકારશ્રી તરફથી મળેલ છે. જે ખેતીની જમીનમાં હમારા અસીલનો પણ હક્ક હિસ્સો ચાલી આવેલ છે. હમારા અસીલોને તેમના કાકાશ્રી/સંબંધીઓએ અંધારામાં રાખી, કાનુની પ્રક્રશનો છુપાવી અને ગેરમાર્ગે દોરી સદરહું જમીન અંગે અન્ય કોઈ ઇસમ સાથે ખોટો વ્યવહાર કરે છે. એવું હમારા અસીલને જાણવા મળ્યું છે. જે ગેરકાયદેસર છે. સદરહું જમીન અંગે ચાલતા કેસોના ગંભીર પરિણામો આવવાની સંભાવના રહેલ છે. જેથી જાહેર ચેતવણીથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, સદરહું જમીન અંગે ઉપર જણાવેલ કોર્ટમાં કાર્યવાહી ચાલુ હોય. નિર્ણય અર્થે પડતર હોય તથા હમારા અસીલનો હક્ક હિસ્સો હોય છતાં જો કોઈ પણ વ્યક્તિ સદરહું જમીન અંગે કોઈ પણ પ્રકારની વ્યવહાર કરશે તો દાવાઓ, લીટીગેશન તે સિવાય કંઈ પણ મળવા પાત્ર રહેશે નહીં. તે જાહેર જનતા તથા તમામ લાગતા વળગતાને નોટીસ થકી જણાવવાનું છે. તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. 03/03/2026, બારડોલી.
Add. : Shop no. UG-4, UG-5, 1" Floor, Behind Jana Small Finance Bank, Shreeji Complex, Near Old Court, Bardoli-394 601
Mo.: 97265 64232
PARIKH ASSOCIATES
Dipen V. Parikh
(Advocate)

ICICI Bank બ્રાંચ ઓફીસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ , ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૩.
જાહેર નોટીસ - ટાંચમાં લીધેલ સંપત્તિના વેચાણ સહ ઈ-હરરાજી માટેનું ટેન્ડર
[નિયમ ૮ (૬) ની જોગવાઈ જુઓ] સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ
સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના રુલ્સ ૮ (૬) ની જોગવાઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ (એન્ફોર્સમેન્ટ), ૨૦૦૨ હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓકશન વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદારો જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ સ્થાવર મિલકતનો અધિકૃત અધિકારી દ્વારા ભૌતિક કબજો લેવામાં આવેલ છે અને નીચે આપેલ નીચે સંક્ષિપ્ત વિગતો મુજબ જાય છે, જેમ છે અને જે છે ના આધારે વેચવામાં આવશે.

અનુ નં. (એ)	દેવાદાર/ગે. સહદેવાદાર/ગે ગ્રુપીમાદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલકતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત/ જમા કરાવવાની બયાનાની રકમ (ઈ)	મિલત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	ઈ-હરરાજીની તારીખ અને સમય (જી)
૧.	મેહુલભાઈ આર પંચાણી (દેવાદાર)/ હર્ષાબેન મેહુલભાઈ પંચાણી (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. QZERD0000503591O	પ્લોટ નં. ૧૨૭, ગ્રીન સીટી જોયવા, દહેજ રોડ, ગુજરાત, ભરૂચ-૩૯૨૦૭૧ (પ્લોટ એરીયા ૪૦ ચો. ફુટ)	₹ 3,૪૫૯,૪૪૪/- (૦૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ)	₹ ૬,૦૦,૦૦૦/- / ₹ ૬૦,૦૦૦/-	૧૩ માર્ચ, ૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ સુધી	૨૪ માર્ચ, ૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી

હરરાજીની એજન્સી મેસર્સ નેકસજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડની વેબસાઈટ (URL Link https://disposalhub.com) પર આ ઓનલાઈન હરરાજી યોજવામાં આવશે. ગીરો મુકનારને ૨૩-૦૩-૨૦૨૬ ના સાંજે ૦૪-૦૦ વાગ્યા સુધી બાકી રકમ થયા તેના પરનું વ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલકત તેના તકદી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.
ઈચ્છુક બીડરોએ ઉપરોક્ત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૩ ખાતે ૨૩-૦૩-૨૦૨૬ બપોરે ૦૩-૦૦ વાગ્યા પહેલા ઘળે તે રીતે જમા કરાવવી અને ત્યાં તેમેએ ઉપરોત જણાવેલ વેબસાઈટ દ્વારા તેમની ઓફર તા. ૨૩-૦૩-૨૦૨૬ સાંજે ૦૪-૦૦ વાગ્યા પહેલા રજુ કરવાની રહેશે અને તેની સાથે બેંક સ્વીકારેલ ડીડીની સાળીતી માટે બાનાની રકમના ફોટો કોપી અપલોડ કરવાની રહેશે જો ઈચ્છુક બીડરો અનિવાર્ય કારણોસર તેમની ઓફર ઉપરોકત જણાવેલ વેબસાઈટ દ્વારા મોકલી ન શકે તો ટેન્ડર દસ્તાવેજની સહી કરેલી કોપી આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૩ ખાતે ત્યારે જ અથવા ૨૩-૦૩-૨૦૨૬ સાંજે ૦૫-૦૦ વાગ્યા પહેલા રજુ કરવાની રહેશે ઈમેમલી, ડ્રીલી, પીઓ, નેગનલાઈઝ અથવા શીયુલ બેંકનો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ નામનો અને વડોદરા બાર્ક ચુકવણી થાય તેવો હોવો જોઈએ.
નિરીક્ષણ, ઈ-હરરાજીની શરતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ બેંક કર્મચારીના ફોન નં. ૭૩૦૪૯૧૪૨૩૪ ઉપર સંપર્ક કરવો.
આ સાથે નોંધ લેવી કે ૧. વેલ્યુ ટ્રસ્ટ કેપીટલ સર્વિસીઝ પ્રાઈવેટ લીમીટેડ ૨. ઓજીધો એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ માર્કેટીંગ એજન્સીઓ પણ આ સંપત્તીના વેચાણની સુવિધા માટે જોડાયેલ છે.
સતતાવર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ પ્રકારના કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.
વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicibank.com/n4p4s પર જુવું
તારીખ : ૦૪-૦૩-૨૦૨૬
સ્થળ : ભરૂચ
અધિકૃત અધિકારી
આઇસીઆઇસીઆઇ બેંક લીમીટેડ

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ
રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫ ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com
ઈ-હરાજી તા.૨૪.૦૩.૨૦૨૬, સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦
નિરીક્ષણ તા. ૨૩મી માર્ચ ૨૦૨૬
સમય : સવારે : ૧૦.૦૦ થી સાંજે : ૦૬.૦૦
સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વેચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.
આથી જાહેર જનતા અને દેવાદારઓ/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે જવાં છે, ત્યાં છે તેવી", જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે ખાલી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો). ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in /https://www.ibapi.in જુઓ.

અ.નં	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતોનું વર્ણન (તમામ બોજા મુક્ત)	કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ) મિલકતનો પ્રકાર (બિલ્ડીંગ/પ્લોટ/ફ્લેટ/ફાર્મ)	બાકી વેચાણ (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યક્તિનું નામ અને સંપર્ક નંબર
૧	બીંક રોડ	શ્રી ચઢોડ મિનેશસિંહ બહાદુરસિંહ	શ્રી ચઢોડ મિનેશસિંહ બહાદુરસિંહ	રહેણાંક નું ઘર કે જે 'પ્રમુખ પાર્ક' નો પ્લોટ નં. આર-૩૮ (ઉત્તર), એરીયા માપ ૩૮.૫૫ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૫૩/૧ પૈકી, વેલ્યમ નગર નજીક,અંદાડા -માંડવા રોડ, ગામ. ગડબોલ, તાલુકા અંકલેશ્વર, જી.ભરૂચ ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં. આર-૩૭, દક્ષિણ તરફ : પ્લોટ નં. આર-૩૮, પૂર્વ તરફ : રે.સા.નં. થી જમીન, પશ્ચિમ તરફ : આંતરીક રોડ આવેલ છે.	પ્રત્યક્ષ કબજો / રો હાઉસ	રૂા.૭.૭૧/- + વ્યાજ + અન્ય ચાર્જીસ	૧) ૦૬.૬૨ ૨) ૦.૬૭ ૩) ૦.૧૦	શ્રી ભરત ચોટીયાણી ૯૦૯૯૦૦૬૭૯૪
૨	ઈલાવ	શ્રી પ્રકાશભાઈ આનંદભાઈ ઈલી, કલ્પના પ્રકાશભાઈ ઈલી અને હીનેન્દ્રભાઈ આનંદભાઈ